સચિવાલય ખાતે સેક્શન ઓફિસર, વર્ગ–૨ અને વર્ગ–૩ નું મંજૂર મહેકમ

***15/3/372:** શ્રી કાન્તીભાઇ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે, -

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ સચિવાલય ખાતે સેક્શન ઓફીસર, વર્ગ–૨ અને નાયબ સેક્શન ઓફિસર, વર્ગ–૩ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) | સેક્શન ઓફીસર વર્ગ–૨ની કૂલ–૫૬૧ જગ્યાઓ તેમજ નાયબ સેક્શન ઓફિસર, વર્ગ–૩ની કૂલ–૧૬૦૯ જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજુર જગ્યાઓ પૈકી ઉક્ત વર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, | (૨) | સેક્શન ઑફીસર વર્ગ–૨ની ૫૬૧ મંજૂર જગ્યાઓ પૈકી ૪૬૧ જગ્યાઓ ભરાયેલ છે અને ૧૦૦ જગ્યાઓ ખાલી છે.<br><br>નાયબ સેક્શન ઑફીસર વર્ગ–૩ની ૧૬૦૯ મંજૂર જગ્યાઓ પૈકી ૧૨૫૩ જગ્યાઓ ભરાયેલ છે અને ૩૫૬ જગ્યાઓ ખાલી છે. |
| (૩) તેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, તે પૈકી સંવર્ગવાર કેટલી ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) | સેક્શન ઓફીસર, વર્ગ–૨ |

| કેટેગરી | ફાળે આવતી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| અનુ. જાતિ | ૩૮ | ૪૯ | ૦૦ |
| અનુ. જનજાતિ | ૮૪ | ૬૮ | ૧૬ |

નાયબ સેક્શન ઓફિસર, વર્ગ–૩

| કેટેગરી | ફાળે આવતી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| અનુ. જાતિ | ૧૧૨ | ૧૪૦ | ૦૦ |
| અનુ. જનજાતિ | ૨૪૧ | ૧૯૫ | ૪૬ |

| | | |
|---|---|---|
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) | લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી આ ખાલી જગ્યાઓ ભરી શકાશે. |